सत्यमेव जयते

દાખલ તારીખ :– ૨૩/૦૯/૨૦૨૫
નોંધ્યા તારીખ :– ૨૩/૦૯/૨૦૨૫
**ફેંસલ તારીખ:– ૨૫/૦૩/૨૦૨૬**
સમયગાળો :–<u>વર્ષ–માસ–દિવસ</u>
૦૦ – ૦૬ – ૦૨

---

**મહેરબાન વિસાવદરના જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**(બી.એચ.ભટ્ટ) સાહેબશ્રીની કોર્ટમાં, મુ.વિસાવદર, જી.જુનાગઢ.**

---

**<u>આંક :–૦૮</u>**

**<u>ફોર્મ–'એ'</u>**

(ચુકાદાની તારીખ :– ૨૫/૦૩/૨૦૨૬)
ફોજદારી કેસ નંબર :–૫૯૩/૨૦૨૫
(વિસાવદર પોલીસ સ્ટેશન ગુના રજી.નં. ૧૧૨૦૩૦૭૦૨૪૦૪૯૮/૨૦૨૪)

**<u>ફરીયાદી</u> :–** શ્રી સરકાર

**ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એસ.એચ.પરમાર**

**–:: <u>વિરૂધ્ધ</u> ::–**

**<u>આરોપી</u> :–** સન્નીભાઈ ઉર્ફે સુનિલ રવજીભાઈ સોલંકી,
ઉ.વ.૨૮, ધંધો–ભંગારની ફેરી,
મુળ રહે.પચ્ચીસ વારીયા ચાર માળીયા,
સીદસર ગામ,તા.જી.ભાવનગર,
હાલ રહે.મોરબી,લીલાપર રોડ,ચાર માળીયા,
સબ જેલની પાસે, તા.જી.મોરબી.

(બી.એચ.ભટ્ટ)
જયુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર

**આરોપી તરફે બી.એન.એસ.એસ.ની કલમ–૩૩૫ મુજબનો હુકમ થયેલ છે.**

## ફોર્મ–'બી'

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૨૯/૦૮/૨૦૨૪ થી<br>૩૦/૦૮/૨૦૨૪ દરમિયાન |
| એફ.આઈ.આર.ની તારીખ | ૦૬/૦૯/૨૦૨૪ |
| ચાર્જશીટ તારીખ | ૨૩/૦૯/૨૦૨૪ |
| તહોમતનામું ઘડયા તારીખ | – |
| પુરાવો શરૂ કર્યા તારીખ | ૧૩/૦૩/૨૦૨૫ |
| ચૂકાદા પર રાખ્યા તારીખ | ૨૫/૦૩/૨૦૨૬ |
| ચૂકાદા તારીખ | ૨૫/૦૩/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો હોય તો | – |

## આરોપીની વિગતો

| **આરોપી ક્રમાંક** | **આરોપીનું નામ** | **અટક કર્યા તારીખ** | **જામીન પર મુકત કર્યા તારીખ** |
|---|---|---|---|
| ૧. | સન્નીભાઈ ઉર્ફે સુનિલ રવજીભાઈ સોલંકી | ૦૮/૦૯/૨૦૨૪ | ૧૦/૦૯/૨૦૨૪ |
| **આક્ષેપિત ગુના** | **છોડી મૂકેલ છે કે સજા કરેલ છે.** | **કરવામાં આવેલ સજા** | **બી.એન.એસ.એસ.ની કલમ–૪૬૮ ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતનો સમયગાળો** |
| બી.એન.એસ.ની કલમ –૩૦૩(૨) | નિર્દોષ | – | – |

## ફોર્મ–'સી'

**એ. ફરીયાદ પક્ષ તરફે સાહેદોનું તથા દસ્તાવેજી પુરાવાઓનું લીસ્ટ :–**

| **અનું.નં.** | **આંક** | **સાહેદ તથા દસ્તાવેજ નુ નામ** |
|---|---|---|

(બી.એચ.ભટ્ટ)
જ્યુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર

| | | |
|---|---|---|
| ૧. | ૦૫ | ફરીયાદી દિનેશભાઈ પોપટભાઈ જમોડની સોગંદ ઉપરની જુબાની |
| ૨. | ૦૬ | અસલ ફરીયાદ |
| ૩. | ૦૭ | કલોઝીંગ પુરશીષ |

---

**ગુનો :–બી.એન.એસ.ની કલમ–૩૦૩(૨) મુજબ.**

---

***<u>JUDGEMENT</u>***

(૧) સદર કેસની ટૂંકી વિગત એ મુજબ છે કે, તા.૨૯/૦૮/૨૦૨૪ ના રોજ ફરીયાદી દિનેશભાઈએ મજુરીકામેથી ઘરે આવીને સાહેદ જગદિશભાઈનું મો.સા. હીરો સ્પેલન્ડર પ્રો રજી.નં. GJ-05-NG-1915 ફરીયાદીએ પોતાના ઘરની બહાર રાખેલ અને બીજા દિવસે સવારમાં આશરે આઠેક વાગ્યાના અરસામાં મો.સા. જોવા મળેલ નહિ. જેથી ફરીયાદીનાઓએ આજુબાજુમાં તપાસ કરતા મો.સા. કયાંય જોવા મળેલ નહી.બાદ ફરીયાદીએ પોતાના મકાન માલીક જગદિશભાઈ દુધાતને ફોન કરી જણાવેલ કે, તેઓનું મો.સા. હિરો સ્પેલન્ડર પ્રો રજી.નં. GJ-05-NG-1915 રાત્રીના કોઈપણ સમયે કોઈ ચોર ઈસમ ચોરી કરી લઈ ગયેલ છે. બાદ તા.૩૧/૦૮/૨૦૨૪ ના રોજ જગદિશભાઈ કાલસારી ખાતે આવેલ અને ફરીયાદી અને સાહેદ જગદિશભાઈએ આજુબાજુના ગામડાઓમાં મો.સા.ની તપાસ કરતા મળી આવેલ નહિ. કોઈ ચોર ઈસમ ચોરી હોય જેના સામે ધોરણસર થવા ફરીયાદીએ ફરીયાદ કરેલ. આમ, આ કામના આરોપીએ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ –૩૦૩(૨) મુજબનો ગુનો કરેલ હોય. જેથી સદર કામના તપાસ કરનાર

(બી.એચ.ભટ્ટ)
જ્યુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર

અમલદાર દવારા ગુનો નોંધી આક્ષેપીત ગુનાનું ચાર્જશીટ રોજ નામદાર કોર્ટમાં રજુ કરેલ.

(૨) સદર કામના આરોપી સન્ની ઉર્ફે સુનિલ રવજીભાઈ સોલંકીનાઓ સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૩૦૩(૨) મુજબનું ચાર્જસીટ દાખલ કરેલ. ત્યારબાદ આરોપી સામે વખતો વખત પ્રોસેસ ઈસ્યુ કરવા છતા તેઓ મળી ન આવતા આરોપી પકંડ વોરંટ ઈસ્યુ કરવામા આવેલ અને આરોપીના જામીનદારને નોટીસ ઈસ્યુ કરતા તેઓ હાજર થઈ આંક–૪ થી જામીન તરીકે છુટા થવાની અરજી રજુ કરતા તેઓને જામનીગીરીની રકમ જેટલો રૂપિયા ૨૦,૦૦૦/–નો દંડ કરી જામીન તરીકે છુટા કરવામા આવેલ. આમ, પુરતા પ્રયત્નો કરવા છતા આરોપી નજીકના ભવિષ્યમાં મળી આવે તેવી કોઈ શકયતાઓ અત્રેની અદાલતને જણાતી ન હોય. જેથી અત્રેની અદાલત દવારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૩૩૫ મુજબ આરોપી સામેની ઈન્સાફી કાર્યવાહી આરોપીની ગેરહાજરીમાં ચલાવવાનો આંક –૧ હેઠળ હુકમ કરવામાં આવેલ છે.

(૩) ઉપરોકત તમામ હકીકતને ધ્યાનમાં લેતા કેસનાં નિર્ણય માટે નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપર્ણે પુરવાર કરે છે કે, આરોપીએ તા.૨૯/૦૮/૨૦૨૪ ના કલાક ૨૧/૦૦ થી તા.૩૦/૦૮/૨૦૨૪ ના કલાક ૦૮/૦૦ વાગ્યાના અરસામાં કાલસારી ગામેથી ફરીયાદીના રહેણાંક મકાન બહારથી ફરીયાદીના

(બી.એચ.ભટ્ટ)
જયુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર

હવાલાવાળી હોરી કંપનીની સ્પેલન્ડર પ્રો મો.સા. જેના રજી.નં. GJ-05-NG-1915 કિં.રૂા. ૨૦,૦૦૦/– ની ચોરી કરી ગુન્હો કરેલ હોય. જેથી આરોપી વિરૂધ્ધ બી.એન.એસ.ની કલમ–૩૦૩(૨) મુજબના ગુનો નોંધી ત.ક.અમલદારનાઓએ તપાસ પુર્ણ કરી આક્ષેપીત ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ.

(૨) આખરી શું હુકમ ?

(૪) ઉપરોકત મુદાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં...

(૨) આખરી હુકમ મુજબ...

**:: કા ર ણો ::**

(૫) આરોપી સામે હાલનો કેસ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાય શાસ્ત્રના મૂળભૂત સિધ્ધાંત મુજબ ફરીયાદ પક્ષે આરોપી સામેનો કેસ નિ:શંક પણે પુરવાર કરવાનો હોય છે અને જયાં સુધી આરોપી સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવું જોઈએ. વધુમાં ફરીયાદપક્ષ આરોપી સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે આક્ષેપ ફરીયાદ પક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવું જોઈએ.

(૬) સદર કામે પુરવાની વિસ્તૃતમાં ચર્ચા કરતા અગાઉ ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ની કલમ–૩૦૩(૨) મુજબના ગુનાઓ તથા તેના આવશ્યક તત્વો વિશે ચર્ચા કરવી જરૂરી બની આવે છે જે નીચે મુજબ છે.

(બી.એચ.ભટ્ટ)
જ્યુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર

**<u>કલમ ૩૦૩(૨) અંગે નીચે મુજબના આક્ષેપીત તત્વો પુરવાર કરવાના રહે છે.</u>**

(૧) શું આરોપીએ બીજી કોઈ વ્યકિતના કબજામાંથી તેની સંમતિ વિના કોઈ જંગમ મિલકત બદદાનતથી લઈ લેવાના ઈરાદાથી તેને ખસેડીને ચોરી કરેલ છે ?

(૭) ફરીયાદપક્ષ દવારા આક્ષેપાયેલ ગુનાના ઉપરોકત મુજબના તત્વો સાબીત કરવા માટે નીચે મુજબના સાહેદોને તપાસવામાં આવેલ છે.

(૭.૧) ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધનુ તહોમત સાબીત કરવા માટે **આંક–૦૫** થી ફરીયાદી **દિનેશભાઈ પોપટભાઈ જમોડ**ને તપાસેલ છે. ફરીયાદીએ પોતાની સરતપાસમાં બનાવ બનેલ અંગેનું વર્ણન કરતી જુબાની આપેલ છે. તેમની સરતપાસમા ફરીયાદી ટુંકમાં જણાવે છે કે, ''... તેઓ મજુરી કામ કરે છે અને કાલસારી મુકામે જગદીશભાઈ હરીભાઈ દુધાતના રહેણાંક મકાનમાં ભાડે રહે છે. તેઓના મકાન માલિક સુરત મુકામે હીરાના કારખાનામાં મેનેજર હોય તેઓનું બાઈક હીરો સ્પ્લેન્ડર પ્રો જીજે–૦૫–એન જી–૧૯૧૫ તેઓ ચલાવે છે. તા.૨૯–૮–૨૪ ના રોજ મજુરી કામે થી ઘરે આવી આ મોટર સાયકલ ઘરની બહાર પાર્ક કરેલ. સવારે ઉઠીને જોતા તેઓનું વાહન ઘરની બહાર ન હોય કોઈ અજાણ્યા ઈસમ ચોરી ગયેલ હોવાની જાણ થતા આ વાહન ચોરી બાબતેની તેઓએ પોલીસને આંક–૦૫ વાળી ફરીયાદ આપેલ...''

**નોધ : આરોપી સામે બી.એન.એસ.એસ.ની કલમ–૩૩૫ મુજબ તા.૧૮–૨–૨૬ ના રોજ થયેલ છે.**

(બી.એચ.ભટ્ટ)
જ્યુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર

(૮) આ કામના આરોપીને વારંવાર પ્રોસેસ તેમજ વોરંટ ઈસ્યુ કરવામાં આવેલ પરંતુ આ કામના આરોપી મળી આવતા ન હોય તેમની વિરુધ્ધ બી.એન.એસ.એસ.ની કલમ–૩૩૫ મુજબનો હુકમ થયેલ છે. તેમજ આ કામના ફરીયાદીની આંક–૫ વાળી જુબાની જોતા માલુમ પડે છે કે તેઓએ સદર કામના આરોપીને મોટર સાયકલ ચોરી કરતા નજરે જોયેલ નથી. આમ, આ કામે રેકર્ડ પરનો સમગ્ર પુરાવો, કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતા આરોપી વિરુધ્ધ અન્ય કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ ન હોય. તે તમામ સંજોગોમાં આ કામના આરોપી વિરુધ્ધ ફરમાવવામાં આવેલ બી.એન.એસ.ની કલમ–૩૦૩(૨) ના તહોમત મુજબના ગુનાના આવશ્યક તત્વો ફરીયાદપક્ષ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી ઉપરોકત વિગતવારની ચર્ચાના અંતે મુદા નં .૧ નો નિર્ણય ''નકારમાં '' ઠરાવવામાં આવે છે. અને મુદા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## – :: આખરી હુકમ :: –

(૧) આ કામના આરોપી સન્નીભાઈ ઉર્ફે સુનિલ રવજીભાઈ સોલંકી, ઉ.વ.૨૮, ધંધો–ભંગારની ફેરી,મુળ રહે.પચ્ચીસ વારીયા ચાર માળીયા,સીદસર ગામ,તા.જી.ભાવનગર,હાલ રહે.મોરબી,લીલાપર રોડ,ચાર માળીયા, સબ જેલની પાસે, તા.જી.મોરબીનાઓ ને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ ૨૭૧(૧) અન્વયે આરોપીને ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–

(બી.એચ.ભટ્ટ)
જ્યુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર

૩૦૩(૨) ના ગુના સબબ પુરતા પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મુકવા હુકમ કરવામા આવે છે.

(૨) સદર કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ સ્પેલન્ડર પ્રો, હિરો કંપનીનુ કાળા કલરનું મોટર સાયકલ અંગેનો મુળ માલીકને પરત સોપવા અંગેનો વચગાળાનો હુકમ કાયમી કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ **૨૫** માહે **માર્ચ** સને–**૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહિ કરી જાહેર કર્યો.

તારીખઃ–૨૫/૦૩/૨૦૨૬
વિસાવદર

**(ભાવિક હિતેનભાઈ ભટ્ટ)**
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
વિસાવદર.
(જજ કોડ–જી જે ૦૧૫૨૨)

(બી.એચ.ભટ્ટ)
જ્યુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર